# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 03-03-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાસણ ગીર ખાતે રાષ્ટ્રીય વન્યજીવન બોર્ડ (NBWL) ની સાતમી બેઠકની અધ્યક્ષતા કરશે

2) કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહ આજે નવી દિલ્હીમાં ડેરી ક્ષેત્રમાં ટકાઉપણાં અંગેની શિબિરની અધ્યક્ષતા કરશે

3) વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલ આજથી વોશિંગ્ટનના પ્રવાસે જશે

4) કેન્દ્રીય સંદેશાવ્યવહાર મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયા આજથી સ્પેનનાં બાર્સેલોનામાં શરૂ થઈ રહેલી મોબાઇલ વર્લ્ડ કોંગ્રેસ- MWCમાં ભાગ લેશે

5) દિલ્હી વડી અદાલતે જણાવ્યું, વિદ્યાર્થીઓને શાળામાં સ્માર્ટફોન લઈ જતા અટકાવી ન શકાય, પણ મોબાઇલના ઉપયોગ પર નિયંત્રણ અને દેખરેખ આવશ્યક.

6) ICC પુરુષોની ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતે ન્યૂઝીલેન્ડને 44 રને પરાજય આપ્યો છે

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM MODI SASAN GIR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તેમની ગુજરાત યાત્રાના છેલ્લાં તબક્કામાં આજે જૂનાગઢ જિલ્લાના સાસણ ગીર ખાતે રાષ્ટ્રીય વન્યજીવન બોર્ડ (NBWL) ની સાતમી બેઠકની અધ્યક્ષતા કરશે.

પ્રધાનમંત્રી ગીરમાં સિંહ સદન પરિસરમાં વૃક્ષારોપણ કરશે, ત્યારબાદ વન્યજીવન સંરક્ષણ અને સંચાલન માટે કર્મચારીની પેટ્રોલિંગ બાઇક રેલીને લીલીઝંડી આપી રવાના કરશે. પ્રધાનમંત્રી ઇકો ગાઇડ્સ, ટ્રેકર્સ અને ફિલ્ડ સ્ટાફ સાથે સંવાદ પણ કરશે.

શ્રી મોદીએ ગઈકાલે, જામનગરમાં વનતારા પ્રાણી બચાવ કેન્દ્રની મુલાકાત લીધી હતી. તેમણે સોમનાથ મંદિરમાં પૂજા અર્ચના કરી હતી. પ્રધાનમંત્રીએ મોડી સાંજે સાસણ ખાતે સોમનાથ ટ્રસ્ટની બેઠકની અધ્યક્ષતા કરી હતી.

વધુ વિગત અમારા સંવાદદાતા પાસેથી....

## (VOICE CAST – APARNA KHUNT)

*ત્રણ દિવસની ગુજરાત યાત્રાના છેલ્લાં દિવસે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી એશિયાઈ સિંહોના એકમાત્ર નિવાસ સ્થાન એવા સાસણ ગીરની મુલાકાતે પધાર્યા છે. તેઓ આજે સવારે વિશ્વ વન્ય દિવસ નિમિત્તે ગીર રાષ્ટ્રીય ઉદ્યાનમાં જંગલ સફારીનો આનંદ માણી રહ્યા છે. ત્યાર બાદ શ્રી મોદી રાષ્ટ્રીય વન્યજીવન બોર્ડ (NBWL) ની સાતમી બેઠકની અધ્યક્ષતા કરશે. પ્રધાનમંત્રીની અધ્યક્ષતામાં આ બોર્ડ વન્યજીવન અને જંગલોના સંરક્ષણ અને વિકાસને પ્રોત્સાહન આપવા માટે કામ કરે છે. ઉલ્લેખનીય છે કે, ૨૦૨૦માં થયેલી ગણતરી મુજબ ગિરના જંગલ વિસ્તારમાં સિંહની કુલ વસતી ૬૭૪ છે.*

# SHAH-DAIRY WORKSHOP

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજે નવી દિલ્હીમાં ડેરી ક્ષેત્રમાં ટકાઉપણું, સંસાધનોનો મહત્તમ ઉપયોગ અને ઓછામાં ઓછાં બગાડ અંગે શિબિરનું ઉદ્ઘાટન કરશે. શિબિરમાં વિવિધ રાજ્યોમાં બાયોગેસ પ્લાન્ટની સ્થાપના માટે સમજૂતિપત્રો પર હસ્તાક્ષર કરાશે.

શિબિરમાં નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ- NDDB, ઉદ્યોગ અને વૈશ્વિક સંસ્થાઓ દ્વારા ડેરી પ્રણાલિઓનાં વિસ્તરણ પર ચર્ચા કરાશે અને ધિરાણના વિકલ્પો, કાર્બન ક્રેડિટ અને વેસ્ટ-ટૂ-એનર્જી અંગેના ઉપાયોની ચકાસણી કરાશે.

આ શિબિર સહકાર મંત્રાલય અને પશુપાલન, ડેરી અને મત્સ્યઉદ્યોગ મંત્રાલયની નીતિઓ અને પહેલો પર ધ્યાન કેન્દ્રિત કરશે, જેનો ઉદ્દેશ્ય પર્યાવરણીય જવાબદારી સાથે આર્થિક વિકાસ સુનિશ્ચિત કરતી વખતે ટકાઉ ડેરી ફાર્મિંગને પ્રોત્સાહન આપવાનો છે.

# NHRC-MEA PROGRAMME

રાષ્ટ્રીય માનવઅધિકાર પંચ-NHRCએ વિદેશ મંત્રાલય સાથેની ભાગીદારીમાં નવી દિલ્હીમાં ઇન્ડિયન ટેકનિકલ એન્ડ ઇકોનોમિક કો-ઓપરેશન ITEC એક્ઝિક્યુટિવ કેપિસિટી બિલ્ડિંગ પ્રોગ્રામનું આયોજન કર્યું છે. ગ્લોબલ સાઉથ દેશોની રાષ્ટ્રીય માનવ અધિકાર સંસ્થાઓનાં વરિષ્ઠ હોદેદ્દારો માટેનાં છ દિવસનાં કાર્યક્રમનો પ્રારંભ આજથી થશે.

કાર્યક્રમનો હેતુ માનવ અધિકાર અને આંતરરાષ્ટ્રીય પરિપ્રેક્ષ્ય અંગેની માહિતી પૂરી પાડવાનો અને વિદેશોની રાષ્ટ્રીય માનવ અધિકાર સંસ્થાઓનાં સહભાગીઓને NHRCનાં અનુભવ વહેંચવાનો છે.

NHRCના ચેરપર્સન ન્યાયમૂર્તિ વી રામાસુબ્રમણિયન કાર્યક્રમનું ઉદઘાટન કરશે. 14 દેશનાં 47 પ્રતિનિધીઓ આ કાર્યક્રમમાં ભાગ લેશે, જેમાં મડાગાસ્કર, યુગાન્ડા, નાઇજિરીયા, સામોઆ, ટિમોર લેસ્ટે, કોંગો, ટોંગો જેવા દેશનો સમાવેશ થાય છે. કાર્યક્રમમાં વક્તવ્ય અને આદાનપ્રદાન સત્રો પણ યોજાશે.

## PIYUSH GOYEL

ભારત અને અમેરિકા સૂચિત દ્વિપક્ષીય વેપાર સંધિ માટે વાટાઘાટ માટે સજ્જ છે ત્યારે વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલ આજથી વોશિંગ્ટન પ્રવાસે જશે. શ્રી ગોયલ અમેરિકના વેપાર પ્રતિનિધિ જેમિસન ગ્રીન અને અમેરિકાના વાણિજ્ય સચિવ હોવાર્ડ લુટનિક સાથે મંત્રણા કરશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની તાજેતરની વોશિંગ્ટન મુલાકાત દરમિયાન, ભારત અને અમેરિકાએ વર્ષ 2030 સુધીમાં દ્વિપક્ષીય વેપારને 500 અબજ ડોલર સુધી લઇ જવાની પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી.

## MOBILE WORLD CONGRESS

કેન્દ્રીય દૂરસંદેશાવ્યવાહર મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયા આજથી સ્પેનનાં બાર્સેલોનામાં શરૂ થઈ રહેલી મોબાઇલ વર્લ્ડ કોંગ્રેસ- M.W.C.માં ભારતનું પ્રતિનિધિત્વ કરશે. છ માર્ચ સુધી ચાલનારા આ સંમેલનમાં તેઓ ભારત પેવેલિયનનું ઉદઘાટન પણ કરશે.

પ્રસ્તુત છે અમારા સંવાદદાતાનો અહેવાલ..

(VOICE CAST WORLD MOBILE CONGRESS)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

**ગોન્ગ મ્યુઝીક**

. . . . . . . . . . . . . . .

## DELHI HC-SMARTHPHONES

દિલ્હી વડી અદાલતે શાળાઓમાં સ્માર્ટફોનનાં ઉપયોગ અંગે શ્રેણીબધ્ધ માર્ગદર્શિકા જારી કરતા જણાવ્યું કે, વિદ્યાર્થીઓને સ્માર્ટફોન લઈ જતા અટકાવી ન શકાય, પણ શાળાઓમાં મોબાઇલના ઉપયોગ પર નિયંત્રણ લાદીને તેનાં પર દેખરેખ રાખવી જોઇએ.

ન્યાયમૂર્તિ જયરામ ભાંભાણીની પીઠે જણાવ્યું કે, શાળાઓએ વિદ્યાર્થીઓને જવાબદારીપૂર્વકનું ઓનલાઇન વર્તન, ડિજિટલ વર્તણુંક અને સ્માર્ટફોનનાં નૈતિક ઉપયોગ અંગે શિક્ષણ આપવું જ જોઇએ. ન્યાયમૂર્તિએ જણાવ્યું કે, શાળામાં અને શાળાનાં વાહનમાં સ્માર્ટફોનમાં કેમેરા અને રેકોર્ડિંગ સુવિધાઓનાં ઉપયોગ પર પ્રતિબંધ મૂકવો જોઇએ.

## IND VS NZ CRICKET

ICC પુરુષોની ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતે ન્યૂઝીલેન્ડને ગ્રૂપ A ની એક દિવસની મેચમાં 44 રને પરાજય આપ્યો છે. દુબઇ ઇન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે

રમાયેલી મેચમાં ભારતે જીત માટે આપેલા 250 રનના લક્ષ્યાંકનાં જવાબમાં ન્યૂઝીલેન્ડ 45.3 ઓવરમાં 205 રને ઓલઆઉટ થઈ ગયું હતું.

ન્યૂઝીલેન્ડ વતી કેન વિલિયમસને 81 રન કર્યા હતા. ભારત વતી વરૂણ ચક્રવર્તીએ પાંચ અને કુલદીપ યાદવે બે વિકેટ લીધી હતી. વરુણ ચક્રવર્તીને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા હતા.

અગાઉ, ટોસ જીતીને ન્યૂઝીલેન્ડે ફિલ્ડિંગ પસંદ કરી હતી. ભારતે નિર્ધારિત 50 ઓવરમાં નવ વિકેટે 249 રન કર્યા હતા. શ્રેયસ ઐયરે 79 અને હાર્દિક પંડ્યાએ 45 રન કર્યા હતા. મેટ હેન્રીએ પાંચ વિકેટ ઝડપી હતી.

ઉલ્લેખનીય છે કે, બંને ટીમ સેમી-ફાઇનલમાં પહેલાંથી જ પોતાનું સ્થાન બનાવી ચૂકી છે. મંગળવારે સેમીફાઇનલમાં ભારત ઓસ્ટ્રેલિયા સામે  અને ન્યૂઝીલેન્ડ બુધવારે દક્ષિણ આફ્રિકા સામે ટકરાશે.

# IMD-WEATHER.

હવામાન વિભાગે આજે જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ, બાલ્ટિસ્તાન, મુઝફ્ફરાબાદ અને હિમાચલ પ્રદેશના  કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ અને બરફ વર્ષાની આગાહી કરી છે. બીજી તરફ આજે કર્ણાટકના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ પવન ફૂંકાવવાની શક્યતા છે.

આગામી બે દિવસ કોંકણ અને ગોવામાં ગરમ અને ભેજવાળું હવામાન રહેવાની સંભાવના છે. દરમ્યાન આગામી 24 કલાકમાં મધ્ય ભારતમાં મહત્તમ તાપમાનમાં મોટા ફેરફારની શક્યતા નહિવત છે.

## હવે, આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે અનિલ પટેલ

- આજે મોટા ભાગના અખબારોએમાં શેરબજારમાં છેતરપિંડી અને નિયમોના ભંગ બદલ સેબીના પૂર્વ અધ્યક્ષ માધવી પુરી બુચ સામે એફ.આઈ.આર. નોંધવાના આદેશના સમાચારને પ્રથમ પાને સ્થાન આપ્યું છે.
- સંદેશ લખે છે કે - પૂર્વ સેબી પ્રમુખ માધવી સામે એફ.આઈ.આર.નો આદેશ.
- ફુલછાબે શેરબજારમાં ગોબાચારી: માધવી બુચ સામે એફ.આઈ.આર.ના આદેશને પ્રથમ પાને લીધા છે. ગુજરાત સમાચાર સ્ટોક માર્કેટ ફ્રોડમાં માધવી બુચ સામે ગુનો નોંધવા કોર્ટનો આદેશના મુખ્ય શિર્ષક સાથે લખે છે બીએસઈના પૂર્વ ચેરમેન સેબી-બીએસઈના ટોચના પદાધિકારીઓને પણ આરોપી દર્શાવાયા છે. રાજસ્થાન પત્રિકા લખે છે, માધબી પુરી બુચ કે સાથ પાંચ અફસરો પર ચલેગા મુકદમા.
- ટ્રમ્પે તરછોડેલા ઝેલેન્સ્કીને હવે બ્રિટનનો સાથ : 284 કરોડ ડોલરની લોન આપી - આ સમાચારને ગુજરાત સમાચારે પ્રથમ પાને પ્રકાશિત કર્યા છે.
- સંદેશ સ્થાનિક પાના પર લખે છે કે, નિયમભંગ કરીને વાહનોનું વેચાણ કરતા 6 શહેરના 7 ડીલરો સસ્પેન્ડ.
- ફૂલછાબે પોરબંદરમાં ચાલુ મહિનાથી વિમાની સેવા પ્રારંભ થશે –આ સમાચારને સ્થાનિક પાને લીધા છે.
- દિવ્ય ભાસ્કર એક અહેવાલમાં લખે છે, કડાણામાં રાજ્યનો ફ્લોટિંગ સોલાર પ્લાન્ટ બનશે, રોજ 5 લાખ યુનિટ વીજળનું ઉત્પાદન થશે.
- ગુજરાત સમાચારના સ્થાનિક અહેવાલ પ્રમાણે નવા અમદાવાદમાં સલામતી માટે વધુ 106 એ.આઈ. સી.સી.ટી.વી. લગાવાશે.